# જન્મથી 21 વર્ષ સુધીની ઉંમરવાળા વિકલાંગ બાળકોને ઓળખવા

મેરીલેન્ડ રાજ્ય ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલિટિઝ એજ્યુકેશન એક્ટ (IDEA), ની જરૂરિયાતો મુજબ **કુટુંબને કોઇ પણ ખર્ચ વિના અક્ષમતાવાળા બધા બાળકોને શોધવા, ઓળખવા અને તેમનું મૂલ્યાંકન કરવાનો** પૂરો પ્રયત્ન કરે છે.

મેરીલેન્ડના દરેક અધિકાર ક્ષેત્રમાં **જન્મથી 3** વર્ષની ઉંમરના શિશુઓ અને બાળકોને શોધવા, ઓળખવા અને તેમનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા જે તે ક્ષેત્રના ઇનફન્ટ્સ એન્ડ ટોડલર્સ પ્રોગ્રામની જવાબદારી છે. કોઇ પણ બાબતમાં ધીમા અથવા અક્ષમતા ધરાવતા શિશુઓ અને બાળકો **અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ** મેળવવાને પાત્ર હોઇ શકે. આ સેવાઓ બાળકની વિકાસ કરવાની ક્ષમતાઓને વધુ શક્તિશાળી બનાવવા માટે અને કુટુંબોની તેમના બાળકોની ખાસ જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવી છે.

મેરીલેન્ડના દરેક અધિકાર ક્ષેત્રમાં **3 થી 21** વર્ષની ઉંમરના બાળકોને શોધવા, ઓળખવા અને તેમનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા જે તે ક્ષેત્રની શાળા પ્રણાલિની જવાબદારી છે. આ વય જૂથના અક્ષમતાઓવાળા બાળકો **ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ** (દાખલા તરીકે સ્પીચ થેરાપી, ફિઝિકલ થેરાપી અથવા ઓક્યુપેશનલ થેરાપી) મેળવવાને પાત્ર હોઇ શકે.

મેરીલેન્ડમાં અર્લી ઇન્ટરવેન્શન અને ખાસ શિક્ષણ સેવાઓ વિશે વધુ માહિતી માટે અમને ફોન કરો: **1-800-535-0182.**

# અક્ષમતાઓવાળા બાળકોના કુટુંબો માટે કૌટુંબિક સહાય સેવાઓ ઉંમર જન્મ-21

મેરીલેન્ડના દરેક અધિકાર ક્ષેત્રમાં કુટુંબ માટે સહાય સેવાઓના સંયોજકો છે જે જન્મથી લઇને 21 વર્ષની ઉંમરના અક્ષમતાવાળા બાળકોના કુટુંબોને સહાય કરે છે. કુટુંબ માટે સહાય સેવાઓની ડિરેક્ટરી વેબ પર અહીં ઉપલબ્ધ છે: **www.mdecgateway.org** જો તમારે અક્ષમતાવાળા બાળકોને ઓળખવા માટે વધુ મદદ અથવા માહિતીની જરૂર હોય, તો અમને ફોન કરો.


**Maryland State Department of Education**
Division of Special Education/
Early Intervention Services
Family Services and Interagency Branch
200 West Baltimore Street, 9th floor
Baltimore, Maryland 21201
ટોલ ફ્રી 1-800-535-0182
ફેક્સ 410-333-8165



**Nancy S. Grasmick**
રાજ્યની શાળાઓના નિરિક્ષક

**James H. DeGraffenreidt , Jr.**
રાજ્ય શિક્ષણ બૉર્ડના પ્રેસિડન્ટ

**Carol Ann Heath**
નાયબ રાજ્ય સુપ્રિન્ટેન્ડન્ટ ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ

**Martin O'Malley,** ગવર્નર


Maryland State Department of Education
Achievement Matters Most


07/09



મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન નોકરી કે કાર્યક્રમોને પહોંચને અસર કરતી બાબતોમાં જાતિ, રંગ, લિંગ, ઉંમર, મૂળ રાષ્ટ્રીયતા, ધર્મ કે અક્ષમતાના કારણે ભેદભાવ કરતો નથી. ડિપાર્ટમેન્ટની નીતિ સંબંધી પૂછપરછ માટે ઇક્વિટિ એશ્યોરન્સ એન્ડ કમ્પ્લાયન્સ બ્રાંચનો 410-767-0246 વોઇસ, 410-333-2226 ફેક્સ અથવા 410-333-6442 ટીડીડી પર સંપર્ક સાધો। • આ દસ્તાવેજ ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ દ્વારા યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ઑફિસ ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ રિહેબિલિટેટિવ સર્વિસિઝ, IDEA પાર્ટ B ગ્રાંટ #H027A080035A દ્વારા ફાળવાયેલા નાણાંથી વિકસાવીને તૈયાર કરવામાં આવ્યો છે. • આમાં વ્યક્ત કરવામાં આવેલ દૃષ્ટિકોણ યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન અથવા કોઇ અન્ય કેન્દ્રીય એજન્સીનો હોવો જરુરી નથી અને તેને તે રીતે લેવાવો જોઇએ નહીં. • આ માહિતી કોપીરાઇટમુક્ત છે. વાચકોને તેની નકલ કરી બીજાઓ સાથે વહેંચવા પ્રોત્સાહન આપવામાં આવે છે, પણ કૃપા કરી તે માટે ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ, મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનો ઋણસ્વીકાર કરો.• અમેરિકન્સ વિથ ડિસેબિલિટિઝ એક્ટ (Americans with Disabilities Act (ADA) અનુસાર માંગણી કરવાથી આ દસ્તાવેજ વૈકલ્પિક સ્વરુપોમાં પણ ઉપલબ્ધ છે. ફેમિલિ સર્વિસિઝ એન્ડ ઇન્ટરએજન્સી બ્રાંચનો 410-767-0858 વોઇસ 410-333-1571 ફેક્સ પર સંપર્ક સાધો.


# શું તમે તમારું બાળક જે રીતે જુએ, સાંભળે, હલન-ચલન કરે, રમે, વાત કરે, શીખે અથવા વર્તન કરે છે, તે બાબતે ચિંતિત છો?



- શું તમે જાણો છો કે તમારું **જન્મથી લઇને 21** વર્ષની ઉંમરનું બાળક જો તમને લાગતું હોય કે તમારા બાળકને કોઇ અક્ષમતા છે કે તે કોઇ બાબતે ધીમું છે, તો તપાસ અને મૂલ્યાંકનને પાત્ર છે?

## અમને ફોન કરો!
## 1-800-535-0182



મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ

# કોઇ બાળકની તપાસ અને મૂલ્યાંકન માટે ભલામણ કરવી



એવી કોઇ પણ વ્યક્તિ જેને શંકા હોય કે કોઇ બાળકનો વિકાસ ધીમો છે અથવા તેને કોઇ અક્ષમતા છે, તેણે તે બાળકની અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ (દાખલા તરીકે સ્પીચ થેરાપી, ફિઝિકલ થેરાપી અથવા ઓક્યુપેશનલ થેરાપી) મેળવવા માટેની પાત્રતા નિશ્ચિત કરવા માટે ભલામણ કરવી જોઇએ.

બાળક સાર્વજનિક શાળામાં ભણતું હોય કે ખાનગી, તેને ઘરમાં શિક્ષણ અપાતું હોય, તે બેઘર હોય, તે વિદેશથી આવીને વસેલું હોય કે રાજ્યના આશ્રયે રહેતું બાળક હોય, મેરીલેન્ડ રાજ્યમાં હાલ રહેતા કોઇ પણ બાળક માટે તપાસ અને મૂલ્યાંકન માટેની ભલામણ કરી શકાય. જે બાળકો પાસ થવાની ગ્રેડ્ઝ મેળવતા હોય અને જે શાળામાં એક ગ્રેડથી બીજામાં આગળ વધતા હોય, તેવા બાળકો પણ સેવાઓ માટે પાત્ર હોઇ શકે.

## જો તમને શંકા હોય કે કોઇ બાળક ધીમું છે અથવા તેને કોઇ અક્ષમતા છે, તો અમને ફોન કરો!

બાળકની ઉંમર અને તે જે અધિકાર ક્ષેત્રમાં રહેતું હોય તે પ્રમાણે તેના માટે યોગ્ય ભલામણ માટેના નંબર પર ફોન કરો. (ભલામણ માટેના નંબરોની યાદી સામેના પાને આપેલી છે.) સહાય અથવા વધુ માહિતી માટે 1-800-535-0182 પર મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝને ટોલ ફ્રી ફોન કરો.

## મેરીલેન્ડમાં ભલામણ માટેના સ્થાનિક નંબરો

| સ્થાનિક અધિકાર ક્ષેત્રો | ઉંમર જન્મ-3 માટે મેરીલેન્ડ ઇનફન્ટ્સ એન્ડ ટોડલર્સ પ્રોગ્રામ "પ્રવેશ માટે એક જ બિંદુ" | ઉંમર 3-21 માટે મેરીલેન્ડમાં સ્થાનિક શાળા પ્રણાલિઓ "ચાઇલ્ડ ફાઇન્ડ" |
|---|---|---|
| Allegany કાઉન્ટી | 301-689-0466 | 301-759-2082 |
| Anne Arundel કાઉન્ટી | 410-222-6911 | 410-766-6662 |
| Baltimore સિટી | 410-396-1666 | 443-984-1011 |
| Baltimore કાઉન્ટી | 410-887-2169 | 410-887-3017 |
| Calvert કાઉન્ટી | 410-414-7034 | 410-535-7388 |
| Caroline કાઉન્ટી | 410-479-3246 | 410-479-3246 |
| Carroll કાઉન્ટી | 410-876-4437 એક્સ્ટ. 277 | 410-751-3295 અથવા 410-751-3033 |
| Cecil કાઉન્ટી | 410-996-5444 | 410-996-5444 |
| Charles કાઉન્ટી | 301-609-6808 | 301-753-1745 |
| Dorchester કાઉન્ટી | 410-221-1111 એક્સ્ટ. 1023 | 410-221-1111 એક્સ્ટ. 1023 |
| Frederick કાઉન્ટી | 301-600-1612 | 301-644-5292 અથવા 301-644-5276 |
| Garrett કાઉન્ટી | 301-334-1189 | 301-334-7655 |
| Harford કાઉન્ટી | 410-638-3823 | 410-638-4386 અથવા 410-638-4387 |
| Howard કાઉન્ટી | 410-313-7017 | 410-313-7046 |
| kent કાઉન્ટી | 410-778-7164 | 410-778-7164 |
| Montgomery કાઉન્ટી | 240-777-3997 | 301-947-6050 |
| Prince George's કાઉન્ટી | 1-800-469-1865 | 301-808-2719 અથવા 301-817-3147 |
| Queen Anne's કાઉન્ટી | 410-758-0720 એક્સ્ટ. 4456 | 410-758-2403 એક્સ્ટ. 182 |
| Somerset કાઉન્ટી | 410-623-2037 | 410-651-1616 |
| St. Mary's કાઉન્ટી | 301-475-4393 | 301-475-5511 એક્સ્ટ. 213 |
| Talbot કાઉન્ટી | 410-820-0319 | 410-820-8263 |
| Washington કાઉન્ટી | 301-766-8217 | 301-766-2964 |
| Wicomico કાઉન્ટી | 410-677-5250 | 410-677-5250 |
| Worcester કાઉન્ટી | 410-632-5033 | 410-632-5033 |
| મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ | | 1-800-535-0182 ટોલ ફ્રી |